જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન ભરૂચ, જી.ભરૂચના મકાન બાંધકામ માટે નકશા અને અંદાજોને આધારે સુધારેલ વહીવટી મંજૂરી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૧૩-ભવન-ભરૂચ-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૬/૧/૨૦૧૪.

S. J. & E. DEPT
9 JAN 2014

**<u>વંચાણે લીધાઃ</u>**

(૧) સા.ન્યા.અને અ.વિ.ના તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૨૭-૧૨-૨૦૧૩ ના પત્ર ક્રઃ બીડીજી- ૪૭-૨૦૧૩ -૩૪૨૭-ન

**<u>ઠ રા વઃ</u>**

જીલ્લા કક્ષાએ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, ભરૂચ, જી.ભરૂચ ખાતે ભવનના બાંધકામ માટે સરકાર ધ્વારા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પરંતુ આમુખ ક્રમાંકઃ૨ માં માર્ગ અને મકાન વિભાગના તા. ૨૭-૧૨-૧૩ના દર્શાવેલ પત્રથી સુધારેલ નકશા-અંદાજોની દરખાસ્ત રજુ કરેલ જે મુજબ સુધારેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, ભરૂચ, જી.ભરૂચ ના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૨,૭૫,૨૨,૬૦૦/- (અંકે રુપિયા બે કરોડ પંચોતેર લાખ બાવીસ હજાર છસ્સો પુરા) ના નકશા-અંદાજોને સુધારેલી વહીવટીને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ વિભાગના તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ ના ઠરાવની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર- ૪૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર – 03- પછાતવર્ગોનુ કલ્યાણ, ગૌણ સદર- ૮00- અન્ય ખર્ચ, પેટા સદર- (0૧) – બીસીકે-૪૯ – ર્ડા.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧-૧૨-૨૦૧૩ ની મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ, જી.ભરૂચ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ભરૂચ, જી.ભરૂચ.
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ભરૂચ, જી.ભરૂચ.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત ભરૂચ, જી.ભરૂચ
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
સીલેકટ ફાઇલ.